॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા

## ભાગ-૬


: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન
શ્રીજીસંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર
૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપા
સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ
મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮

શ્રી મુક્તજીવન સ્વામીબાપા શતાબ્દી મહોત્સવના ઉપક્રમે

સંવત ૨૦૬૧ પ્રબોધિની એકાદશી

## અનુક્રમણિકા

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ખાલી જગ્યાઓ તથા સાચાં ખોટાં વાક્યો માટે | ૩ |
| ૨ | પ્રશ્નોત્તર - વિભાગ (અ) | ૭ |
| ૩ | પ્રશ્નોત્તર - વિભાગ (બ) | ૧૩ |
| ૪ | પ્રસંગો | ૧૭ |
| ૫ | પરચા | ૨૪ |
| ૬ | નમૂનાનું પ્રશ્નપત્ર | ૩૦ |

: ટાઈપ સેટીંગ :
મુક્ત ગ્રાફીક્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર,
મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮

: મુદ્રક :
પટેલ પ્રિન્ટીંગ પ્રેસ પ્રા. લિ.
રાયપુર દરવાજા પાસે, અમદાવાદ - ૧

# સંસ્કારદીપિકા

## ભાગ - ૬

## અભ્યાસક્રમ

*આ પુસ્તિકામાંથી ૭૦ ગુણ*
*અમૃતબિંદુ ભાગ - ૪ માંથી ૩૦ ગુણ*

## *ખાલી જગ્યાઓ તથા સાચાં ખોટાં વાક્યો માટે*

- જેટલું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું કર્યું પણ થાય છે.
- વૈરભાવની અને સ્નેહભાવની સ્મૃતિ ટાળી નાખવી.
- મનન કરવાથી ઘાટની મૂર્તિ બંધાય છે.
- આત્મનિષ્ઠા અને શ્રીજીમહારાજનો મહિમા, એ બે સાધને કરીને કામ જીતાય છે.
- અંતર્યામીપણાની અને અન્વયવ્યતિરેકપણાની વાતો કરે પણ જો મર્યાદા ન રહે તો તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય.
- શ્રી સ્વામિનારાયણ ભગવાને અંતર્યામી જાણે અને યથાર્થ મર્યાદા પાળે તે લક્ષ્યાર્થ જ્ઞાન કહેવાય.
- શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્ત, એ બે કારણ કહેવાય.
- સાધનદશાવાળો જે મુક્તને પ્રતાપે સુખ પામે છે તે મુક્તને વિશે તેને ગુરુપણું રહે છે.

- અવગુણવાળા જીવને વિશે પણ કાંઈક ગુણ હોય ખરો, તે ગુણ આપણે લેવો.
- મોટા મુક્તના જોગે બ્રહ્મવિદ્યા ભણાય છે.
- અધર્મે કરીને આયુષ્ય ઘટે છે.
- મોટા મુક્તના વચનમાં શાસ્ત્રની સાખ ન લેવી.
- જ્ઞાને કરીને શ્રીજીમહારાજનું સુખ ઓળખાય તો જગત લૂખું થઇ જાય.
- નબળા દેશકાળમાં જીવનું બગડે એ જીવનો માર સમજવો.
- જ્યાં મોટા મુક્ત રહેતા હોય તે સ્થાન નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય.
- જેને સત્સંગમાં દાસપણું આવે તે જ ઊંચે પગથીએ ચઢે છે.
- નવધા ભક્તિમાં શ્રવણ ભક્તિ શ્રેષ્ઠ છે.
- શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ વિના બીજું સર્વે બંધનકારી છે.
- શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રુચિ તે જ મંદવાડ છે.
- સત્સંગમાં પોતાની ભૂલ ઓળખાય તે જ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ અને કૃપા છે.
- જેણે શ્રી સ્વામિનારાયણ ભગવાનને ઓળખ્યા હોય તેને તો કોઇની પ્રતીતિ આવે જ નહિ.
- જીવાત્માને વિશે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સાક્ષાત્કાર થાય તે અનુભવ જ્ઞાન કહેવાય.
- જડ માયા એટલે દ્રવ્ય અને ચૈતન્ય માયા એટલે સ્ત્રી.
- ઊંઘ અને આહાર વધાર્યા વધે છે અને ઘટાડ્યા ઘટે છે.
- મૂર્તિમાં રસબસ થઇ જવાય તો ત્રિવિધ તાપ ન નડે.
- સર્વે ઇન્દ્રિયોને વશ રાખે તે વનમાં ગયો કહેવાય.



- પ્રતિમાનો મહિમા જાણીને દર્શન કરે તો આ જન્મે જ આત્યન્તિક કલ્યાણ થાય.
- ક્રોધ કરનારનું પુણ્ય ક્ષમાવાળાને જાય છે.
- અશુભ સંગના દોષે કરીને સંસ્કાર દબાઇ રહે છે.
- સર્પ તુલ્ય સન્માન અને પૂર્ણ પાપ તુલ્ય માન સમજવું.
- સાધનમાત્રનું ફળ મૂર્તિ છે.
- ઉદ્‌ઘોષ છે તે નવાને સમાસ કરનાર છે.
- જેમ ઝાબમાં પાણી ભરાય છે તેમ નિર્માનીમાં ગુણ અને મૂર્તિ આવે છે.
- મોટા મુક્તનો જોગ તે મહામંત્ર છે.
- નાખે અદાવત, દીયે ગાળુ, તેને ભક્ત સમજે દયાળુ.
- જેના હૃદયમાં શ્રીજીમહારાજની મૂર્તિ આવે છે તેને કોઇના દોષ સૂઝતા નથી.
- શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પામવી તે બહુ ઝીણી વાત છે.
- મોટા મુક્તને વિશે નિર્દોષ બુદ્ધિ થાય તો પોતે ખરેખરો નિર્દોષ થઇ જાય.
- શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અને અનાદિ મુક્તનો અવગુણ લે તે તીર્થક્ષેત્રનું પાપ છે, તે વજ્રલેપ થાય.
- સમૈયા તો સાધારણ મુમુક્ષુના સમાસને અર્થે છે.
- શ્રીજીમહારાજના ભક્તની તો મોટા મોટા અક્ષરકોટી પણ પ્રાર્થના કરે છે.
- સત્સંગમાં જેટલા ગુણદોષ દેખાય છે તેટલું નાસ્તિકપણું છે.
- શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્ત દ્વિભુજ દિવ્ય સદા સાકાર મૂર્તિ છે.
- જડ ચૈતન્ય તો ઝેર જેવાં છે.

- કુશળકુંવરબાઇ ધરમપુરનાં રાણી હતાં.
- મેઘજીભાઈને અડસઠ તીર્થ કરવા જવાની ઈચ્છા થઈ.
- માંચો ભક્ત પ્રથમ માર્ગીના પંથમાં હતા.
- માતાજી મારવાડમાં ઉદેપુરના રાજાની રાણી હતાં.
- કચ્છ-ભુજના લાધીબાઇ સ્વતંત્ર સમાધિવાન હતાં.
- શ્રોતા અને વક્તા બેયની આતુરતા હોય તો મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય.
- દાસપણામાં શ્રીજીમહારાજનો રાજીપો ઘણો છે.
- જેમ દિવસમાં રાત્રી લીન થાય છે તેમ માયાને શ્રીજીમહારાજના તેજમાં લીન કરીને મૂર્તિ જોવી.
- પંચવર્તમાને યુક્ત શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્ત હોય તે સર્વેને ગોત્ર જાણવું.
- પરમ એકાંતિક મુક્તની સ્થિતિ કરતાં અનાદિ મુક્તની સ્થિતિ અધિક છે.
- શ્રી સ્વામિનારાયણ ભગવાન આગળ મૂળઅક્ષરાદિક સર્વે અનાત્મા કહેવાય.
- કાર્ય કરતાં કારણમાં સામર્થ્ય વિશેષ હોય.
- રામકૃષ્ણાદિક અવતાર છે તે તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના અન્વય સ્વરૂપના અવતાર છે.
- મુક્ત છે તે તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના વ્યતિરેક સ્વરૂપના અવતાર છે.
- પિંડ અને બ્રહ્માંડની એકરૂપતા છે.
- મોટા મુક્તના સમાગમે કરી સાંખ્ય અને યોગ એ બે સિદ્ધ થાય છે.
- પરોક્ષનાં શાસ્ત્ર ખડને ઠેકાણે છે અને પ્રત્યક્ષનાં શાસ્ત્ર કણને ઠેકાણે છે અને વચનામૃત ભોજનને ઠેકાણે છે.

## પ્રશ્નોત્તર - વિભાગ (અ)

**પ્ર:** કારણ અને કાર્ય તેની વિક્તિ સમજાવો.

**ઉ:** પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના અનાદિ મુક્ત એ બે કારણ છે; અને મંદિરો, આચાર્ય, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી એ સર્વે કાર્ય છે. કારણમાં સુખ, શાંતિ અને આનંદ રહ્યો છે. જ્યારે કાર્યમાં ઉદ્‌ઘોષ રહ્યો છે. જે મુમુક્ષુએ આત્યંતિક મોક્ષ પામવો છે તેણે કાર્યમાંથી હેત તોડીને કારણ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના અનાદિ મુક્ત તેમને વિશે જોડાવું.

**પ્ર:** કેટલીક વખત પૂર્વના સંસ્કારી જીવને સત્સંગ ઓળખાતો નથી તેનું શું કારણ હશે ?

**ઉ:** અશુભ સંગના દોષે કરીને તે જીવના સંસ્કાર દબાઇ રહે છે. તેથી તેને કારણ સત્સંગમાં પ્રતીતિ આવતી નથી. તે જીવને જ્યારે સાચા સત્પુરુષનો જોગ થાય અને સંપ્રદાયની રીતિ પ્રમાણે ચાલે ત્યારે તેના પૂર્વના સંસ્કાર ઉદય થાય. સંસ્કાર ઉદય થતાં જ તે મુમુક્ષુ જીવને કારણ સત્સંગમાં દૃઢ હેત થઇ જાય છે અને ટૂંક સમયમાં જ તેનાં સાધન પૂરાં થતાં તે આત્યંતિક મોક્ષને પામે છે.

**પ્ર:** દાદાખાચરે હાથગરણામાં શું માગ્યું ? અને શ્રી સ્વામિનારાયણ ભગવાને તે માગણી કઈ શરતે પૂર્ણ કરવા કહ્યું ?

**ઉ:** દાદાખાચરે પોતાના લગ્ન પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે માગ્યું કે હે મહારાજ, આપ પ્રસન્ન થઇ કાંઇક માગવે પ્રેરો છો તો હે નાથ, આ પ્રસંગે મારી એ જ યાચના છે કે આપના ભક્તનો અંત સમય આવે ત્યારે આપનાં દર્શન આપી તે ભક્તના સર્વે ગુના માફ

કરી તેને આપના ધામમાં લઇ જજો. ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે ભક્તરાજ, એ વર તમને આપ્યો. કરડો ગુના માફ કરી તે જીવને મારા ધામની પ્રાપ્તિ કરાવીશ, પણ જે મારા ભક્તનો દ્રોહ કરશે તે ગુનો માફ નહિ કરું. માટે ભગવાનના ભક્તનો ક્યારેય દ્રોહ કરવો નહિ.

**પ્રઃ** ધામમાં જતાં માર્ગમાં સિદ્ધિઓ આવે છે તે શી રીતે સમજવું ?

**ઉઃ** જ્યારથી વર્તમાન ધારીને ભજન કરવા માંડ્યું ત્યારથી મુમુક્ષુ જીવ મોક્ષના માર્ગે ચાલ્યો. તેને અહીં માન, મોટપ, યશ, કીર્તિ, ઐશ્વર્ય, પ્રસિદ્ધિ એ સિદ્ધિઓ આવે છે. તેની મહત્તા અને તેનો ભાર ન રાખે તો તેને આડી સિદ્ધિઓ આવતી નથી. અને સકામ ભક્તને તો સિદ્ધિઓ મૂર્તિમાન આડી આવે છે.

**પ્રઃ** મોટા સત્પુરુષ આ લોકમાંથી અદશ્ય થાય ત્યારે કેમ કરવું ?

**ઉઃ** મોટા સત્પુરુષ આ લોકમાંથી અદશ્ય થાય અર્થાત્ મનુષ્યલીલા સંકેલી લે ત્યારે એમ વિચારવું જે આવા મોટા પુરુષ ઠરવાનું ઠામ હતા. તેમણે લીલા વિસ્તાર સંકેલી લીધો તે શ્રીજીમહારાજની મરજી એમ હશે. મોટા તો દેહ ધરતા નથી અને મૂકતા પણ નથી, ક્યાંયે જતા આવતા નથી, એ તો સત્સંગમાં છે છે ને છે જ; કેમકે એ તો સર્વત્ર રહેલા છે. ક્યાંય ન હોય તેમ નથી. એમ સંતોષ વાળવો અને એમની કરેલી વાતો સંભારીને વાંચીએ ત્યારે મોટા પ્રત્યક્ષ બોલે છે એમ જાણવું. હૃદયમાં મહાપ્રભુજીની સાથે તેમને ધારવા અને આનંદમાં રહેવું; પણ લોકિક પ્રકૃત જીવની પેઠે શોક કરવો નહિ. મોટા તો જીવના સંબંધી છે તે જીવમાં મોટાનો સાક્ષાત્કાર કરવો. જેમ પૃથ્વી ખોદે છે તો પાણી નીકળે છે તેમ અંતર્વૃત્તિ કરીને મહાપ્રભુજીની સાથે મોટાનો સાક્ષાત્કાર કરવો તો અંતર્વૃત્તિએ ભેળા જ છે તે જીવને સુખીઓ કરે.



**પ્રઃ** ત્રણ પ્રકારના ધર્માદાની વિક્તિ સમજાવો.

**ઉઃ** ગૃહસ્થ હોય તેમણે દશાંશ, વિશાંશ કાઢવો તે કનિષ્ઠ ધર્માદો છે. બાર મહિનામાં એક બે મહિના મોટા મુક્તનો સમાગમ કરવો તે મધ્યમ ધર્માદો છે. અને ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ તે એકાગ્ર કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં જોડાઈ જવું તે ઉત્તમ ધર્માદો છે. આ ત્રણ પ્રકારનો ધર્માદો છે તે સર્વે ગૃહસ્થ સત્સંગીએ કાઢવો, પણ એકેય પડ્યો મૂકવો નહિ. એમ ન સમજવું જે સમાગમ કરીએ એટલે દશાંશ, વિશાંશ કાઢવાની શી જરૂર છે ? એ તો ધ્યાન કરતા હોય અને ધ્યાનમાં મૂર્તિ દેખાતી હોય અને સમાગમ કરતા હોય તેમણે પણ ભગવાનનો ધર્માદો પૂરેપૂરો આપવો.

**પ્રઃ** મહારાજ અને મુક્ત દિવ્ય છે, તે માયિક અન્નને જમતા હશે કે કેમ ?

**ઉઃ** ભક્ત જો સાચે ભાવે માયિક વસ્તુ અર્પણ કરે તો તે ભક્તનો ભાવ જોઈને મહારાજ અને મુક્ત એ વસ્તુને દિવ્ય કરીને અંગીકાર કરે છે. અને ભક્તનો ભક્તિભાવ વૃદ્ધિ પામે તે માટે પોતાના પ્રતાપે ઓછું થવા દેતા નથી અને તેનું ફળ પોતાની મૂર્તિનું સુખ તે આપે છે. માટે પ્રત્યક્ષભાવ કેળવી મહારાજ અને મુક્તને પ્રેમપૂર્વક મનગમતાં ભોજન જમાડવાં.

**પ્રઃ** શ્રોતા અને વક્તાની વિક્તિ સમજાવો.

**ઉઃ** જેને વાતમાં વિશ્વાસ અને શ્રદ્ધા (આસ્તિકપણું) ન હોય અને સંશય થાય તે શ્રોતા નપુંસક જાણવો, તેને સમાગમનું સુખ ન આવે. અને જેને વિશ્વાસ હોય, શ્રદ્ધા હોય અને સંશય ન થાય તે શ્રોતા ઉત્તમ જાણવો; તેને સમાગમનું સુખ આવે. જે વક્તાને મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનો સંબંધ ન હોય તે વક્તા નપુંસક જાણવો અને જે વક્તાને તે મૂર્તિનો સાક્ષાત્ સંબંધ હોય તે વક્તા

ઉત્તમ જાણવો. શ્રોતા અને વક્તા બન્ને જો ઉત્તમ મળે તો મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય, પણ નપુંસકથી ન થાય, તે કરોડ જન્મે પણ ન થાય. માટે મુમુક્ષુએ ઉત્તમ શ્રોતા બનવું અને ઉત્તમ વક્તા જે મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાક્ષાત્ સંબંધવાળા અને સર્વોપરી ઉપાસનાવાળા મુક્ત પુરુષો તેમનો સમાગમ કરવો.

પ્રઃ સંત સમાગમ કરીએ ને વાત ન સમજાય તથા યાદ પણ ન રહે તેને સમાસ થાય કે નહિ ?

ઉ: ખેતરમાં ખૂબ વરસાદ વરસે ને તેને ખૂબ ખેડીને પછી તેમાં માળવણ જાર વાવે અને પછી વરસાદ ન થાય તો પણ તે જાર મોટાં કણસલાં કાઢે અને પાકે. વળી જેમ ભાલ દેશમાં ઘઉં પીલતી વખતે બળદ આખા ઘઉં ખાઈ જાય છે તે છાણ ભેળા નીકળી જાય છે પણ તેનો કસ રહે છે. તેમ મોટાની વાતો ન સમજાય તો પણ તે વાતો જીવમાં રહે છે અને બહુ સમાસ કરે છે અને સાંભળનારને દેશકાળ લાગવા દેતા નથી. વળી તે વાતો અંત વખતે જણાઈ આવે છે અને બહુ કામમાં આવે છે. માટે સમજાય અથવા ન સમજાય તો પણ જ્યાં સુધી મોટા મુક્ત મનુષ્યરૂપે દર્શન આપતા હોય ત્યાં સુધી તેમનો જોગ સમાગમ કર્યા કરવો.

પ્રઃ કારણ દેહ છે તે જીવની માયા છે અને વજ્રસાર જેવી છે તે કેમ ટળે ?

ઉ: શ્રી સ્વામિનારાયણ ભગવાનના જ્ઞાન અને ધ્યાને કરીને કારણ દેહ શેકાય છે, પણ તપ આદિક સાધને કરીને કારણ દેહ શેકાય નહિ. જેમ આંબલીનો કાતરો આખો પૃથ્વીમાં ઘાલીએ તોય ઊગે અને ફોતરું કાઢી નાખીને ગર્ભ સોતો નાખીએ તોય ઊગે અને ગર્ભ કાઢીને કાળી છાલે સહિત નાખીએ તોય ઊગે, પણ તે આંબલીઆને શેકીને ધોળા બીજને નોખું પાડીને પૃથ્વીમાં નાખીએ અને પાણી રેડીએ તો પણ ઊગે નહિ; તેમ તપ, આત્મનિષ્ઠા આદિક સાધને કરીને કારણ દેહ શેકાય નહિ. એ તો જ્યારે જ્ઞાનપ્રલય કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં જોડાય ત્યારે કારણ દેહ બળી જાય. માટે પુરુષોત્તમરૂપ થઈને મૂર્તિમાં જોડાવું.



પ્રઃ મધ્ય પ્રકરણના તેપનમાં વચનામૃતમાં જીવને કાળો, ગોરો, લાંબો, ટૂંકો કહ્યો છે તે કેવી રીતે સમજવું ?

ઉ: જ્યાં સુધી મૂળમાયાના કાર્યમાં જીવને રાગ હોય ત્યાં સુધી તે કાળો કહેવાય અને માયિક રાગ ટળી જાય અને માયિક પદાર્થમાં દેશકાળે કરીને પણ ક્યાંય મોહ ન પામે; પણ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી તથા અક્ષરકોટીના ઐશ્વર્યમાં રાગ હોય તે ગોરો કહેવાય. અને એમના ઐશ્વર્યમાં ક્યાંય રાગ ને સારપ ન રહે ને શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશરૂપ થાય તે લાંબો કહેવાય. અને પુરુષોત્તમરૂપ થઈને શ્રીજીમહારાજની સન્મુખ રહે અથવા મૂર્તિમાં લીન રહે તે લાંબો મટીને ટૂંક થયો કહેવાય.

પ્રઃ વડતાલના બીજા વચનામૃતમાં ભગવાન કાળા છે કે પીળા છે, લાંબા છે કે ટૂંકા છે, સાકાર છે કે નિરાકાર છે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવા ?

ઉ: ભગવાનને પ્રકૃતિના પતિ મૂળપુરુષ જેવા જાણે તે કાળા જાણ્યા કહેવાય; કેમ જે એમને માયાના સંબંધ છે, માટે એટલો જ મહિમા જાણે તો કાળા જાણ્યા કહેવાય.અને બ્રહ્મ તથા મૂળઅક્ષર જેવા જાણે તે પીળા જાણ્યા કહેવાય. કેમ જે એમને માયાનો સંબંધ તો નથી, પણ શ્રીજીમહારાજ આગળ પરાધીન છે તેથી. અને શ્રીજીમહારાજને દિવ્ય મૂર્તિમાન જાણે તે સાકાર જાણ્યા કહેવાય અને આકારે રહિત જાણે નિરાકાર જાણ્યા કહેવાય અને સર્વદેશી જાણે તે લાંબા જાણ્યા કહેવાય અને એકાદશી જાણે તે ટૂંકા જાણ્યા કહેવાય. એવી રીતે

શાસ્ત્રો શ્રીજીમહારાજને જાણી શક્યાં નથી.

**પ્ર:** પંચાળાના રાસમાં શ્રીજીમહારાજે સંતોના સાત ફેર કર્યા હતા, તે કોના કોના હતા ?

**ઉ:** પંચાળામાં શ્રીજીમહારાજે સંતોને રાસ રમાડ્યો હતો અને તે રાસમાં સંતોના સાત ફેર કર્યા હતા. તેમાં સૌથી પહેલો-વચ્ચેનો ફેર અક્ષરધામમાં શ્રીજીમહારાજની સમીપમાં રહેલા પરમ એકાંતિક મુક્તનો હતો અને તે ફેરમાં જેટલા સંતો-મુક્તો હતા તેટલાં રૂપ ધારણ કરી શ્રીજીમહારાજ તેમની સાથે તાલી દેતા હતા. અને બીજો મૂળઅક્ષરકોટીનો હતો, ત્રીજો વાસુદેવબ્રહ્મકોટીનો હતો, ચોથો ગોલોકનો હતો, પાંચમો પ્રધાનપુરુષનો હતો, છઠ્ઠો વૈકુંઠલોકનો હતો અને સાતમો આ મર્ત્યલોકનો હતો. એમ અનુક્રમે સાત ફેર કર્યા હતા.

**પ્ર:** મહારાજની અને મોટાની પ્રાપ્તિ થઈ છે તો પણ માયાના ગુણ કેમ વ્યાપે છે ?

**ઉ:** જેને મહારાજની અને મોટાની પ્રાપ્તિ થઈ છે તેને જે માયાના ગુણ વ્યાપે છે તે તો મહારાજે અને મોટાએ તેના સમાસને અર્થે રાખ્યા છે; જે એને દીનપણું રહે ને મોટાના જોગની ત્વરા રહે ને નિર્માનીપણું રહે એટલે મોટાનો જોગ ને સેવા કરે, તેણે કરીને મહારાજની અને મોટાની પ્રસન્નતા થાય અને કૃપાએ કરીને મહિમા સમજાવે ને મહારાજનું અને મુક્તનું સાધર્મ્યપણું પામે એટલા માટે એ રાખ્યા છે.

## પ્રશ્નોત્તર - વિભાગ (બ)

**પ્ર:** સાચા મુમુક્ષુનાં લક્ષણ વર્ણવો.

**ઉ:** તે જ મુમુક્ષુ ખરો કે જે કેવળ પોતાનું નામું રોજેરોજનું રાખે છે. ૧

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના દોષને જ જાણે છે ને ટાળવા તનતોડ યત્ન કર્યા કરે છે. ૨

તે જ મુમુક્ષુ ખરો કે જે **'Ÿæ²æç¨ Ïæãç±ÍŸæçÝ'** સારા કામમાં સો વિઘ્ન એ કહેવત સમજી ચાડી, ચુગલી, નિંદા, ટીકા, કૂથલી આદિ મનોવિકારને તિલાંજલિ આપી, એક મૂર્તિનો જ સાક્ષાત્કાર કરવા મંડ્યો રહે છે. ૩

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના ઉક્ત ધ્યેયમાં જ નિમગ્ન રહે છે. ૪

તે જ મુમુક્ષુ ખરો કે જે શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ અનાદિ મુક્તો છે, એવું જાણીને કેવળ બીજા આગળ તેવી વાતો કરી તૃપ્તિ નથી પામતો પણ વર્તનમાં ઉતારવા યત્ન કરે છે. ૫

તે જ મુમુક્ષુ ખરો કે જે અનાદિ મુક્તના લક્ષણ જાણી, તેવાં પોતામાં આવ્યાં છે કે નહિ તેની જ એક ચિંતા રાખે છે. ૬

તે જ મુમુક્ષુ ખરો કે જે પામર અને વિષયી જેવા જીવોમાંથી પણ એકલા ગુણને જ ગ્રહણ કરે છે. ૭

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના બરોબરીઆ સાથે સ્નેહ ને મિત્રાચાર રાખે છે. ૮

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાથી નાના જે વિષયી ને પામર જેવા જીવો તેમના અવગુણને જોવા છતાં તેમના પ્રત્યે દયા રાખે છે અને

હેત ને માયાળુ દષ્ટિએ તેમને જુએ છે. ૯

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાથી મોટા હોય તેમના આગળ સ્તબ્ધ રહી, એકચિત્તે તેમની વાણી-વર્તનનું અવલોકન કરી પોતાના જીવ સાથે સરખાવી પોતાની જ કસોટી કર્યા કરે છે. ૧૦

તે જ મુમુક્ષુ ખરો કે જે જીવે ત્યાં સુધી કોઈનો ગુરુ થતો નથી. ૧૧

તે જ મુમુક્ષુ ખરો કે જે જીવતપર્યંત શિષ્ય-સેવક-દાસાનુદાસ થઈ સત્સંગમાં રહે છે. ૧૨

**પ્રઃ** નીલકંઠ વર્ણીએ વનમાં સેવકરામની સેવા કરી હતી તેનો આધ્યાત્મિક અર્થ સમજાવો.

**ઉઃ** નીલકંઠ વર્ણીએ વનમાં સેવકરામની સેવા કરી હતી તેનો આધ્યાત્મિક અર્થ :- સેવકરામ નામે સાધુ તે મોક્ષાર્થી જીવ જાણવો. શ્રીજીમહારાજની ને જીવની વચ્ચે જે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ, વાસુદેવબ્રહ્મ તથા મૂળઅક્ષર એ સર્વે આવરણ છે તે વેંકટાદ્રિ જાણવો. સેતુબંધ એટલે ધર્મમર્યાદારૂપી પાગ જાણવી. રામેશ્વર એટલે ભગવાન જાણવા. માર્ગ એટલે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જાણવું. વૈરાગ્યહીન તે મંદવાડ જાણવો. ચાકરી કરનાર એટલે જ્ઞાન આપનાર સત્પુરુષ જાણવા. ત્યાગીને દેહે કરીને અને ગૃહસ્થને દ્રવ્યે કરીને સેવા કરવાથી સામર્થી તે સોનામહોરો જાણવી. સત્પુરુષને ખોળવા તે રોવું જાણવું. ગામ એટલે કુસંગ જાણવો અને ફૂલવાડી તે સત્સંગ જાણવો. વૃક્ષ એટલે દેહ જાણવો. ભૂત એટલે અંતરશત્રુ જાણવા. સત્સંગમાં સન્માન મળે તે પથારી જાણવી. આયુષ્યનો ક્ષય થતો જાય તે લોહીખંડપેટબેસણું જાણવું. આત્માનું તથા શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન આપવું તે ચાકરી જાણવી. જ્ઞાન આપનાર સત્પુરુષની સેવા ન કરવી તે ખાવા ન આપ્યું કહેવાય.



શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન આપનાર સત્પુરુષને બીજા કોઈ પાસે સેવા કરાવવી પડે તે વસ્તીમાં જમી આવ્યા કહેવાય. કોઈક વખતે સેવા કરનાર ન મળે તે ઉપવાસ જાણવો. વૈરાગ્યવાન કરવો તે સાજો કર્યો કહેવાય. ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ, ચાર અંતઃકરણ, પંચ ભૂત, પંચ વિષય, દશ ઈન્દ્રિયો, દશ પ્રાણ, ચૌદ દેવતા એ સર્વેથી જુદો આત્મારૂપે વર્તી શકે તથા પંચ વર્તમાન રૂપી ધર્મમર્યાદા પાળી શકે એવો સમર્થ કરવો તે ઘી પચાવી શકે એવો જાણવો. એવી સામર્થી આપ્યા છતાં પણ એ પ્રમાણે વર્તશે કે નહિ એવી સત્પુરુષને ચિંતા રાખવી પડે તે ભાર ઉપડાવ્યો કહેવાય. જો ક્યારેક દેહાદિક ભેળા ભળીને હાણ, વૃદ્ધિ, માન, અપમાન, સુખ, દુઃખ, હર્ષ, શોક પામે અથવા પંચ વર્તમાનરૂપી ધર્મમર્યાદામાં ફેર પાડે તો તેનું કલ્યાણ સત્પુરુષ ન કરે તે ત્યાગ કર્યો કહેવાય.

**પ્રઃ** પ્રથમ પ્રકરણના સિત્તેરમા વચનામૃતમાં ચોરનું દષ્ટાંત દીધું છે તેનો આધ્યાત્મિક અર્થ સમજાવો.

**ઉઃ** પ્રથમ પ્રકરણના સિત્તેરમા વચનામૃતમાં ચોરનું દષ્ટાંત દીધું છે. તેમાં ગામ એટલે જગત જાણવું. ચોર તે જીવ જાણવો. સાધુ તે સત્પુરુષ જાણવા. પગ તે અંતઃકરણ જાણવું અને કાંટો તે જ્ઞાન જાણવું. અંતઃકરણ જ્ઞાને કરીને પૂર્ણ થાય તે પગ સૂણ્યો જાણવો. રાજા તે ભગવાન જાણવા અને ખજીનો તે શાસ્ત્ર જાણવાં. ધન તે વિષય જાણવા. માબાપ તે પ્રકૃતિપુરુષ જાણવાં. સગાં તે ઈન્દ્રિયો જાણવી અને લશ્કર તે કાળ જાણવો. શૂળી તે યમપુરી જાણવી. જો જીવ ભગવાનની બાંધેલી શાસ્ત્રમર્યાદા મૂકીને વિષય ભોગવે તો કાળ આવીને યમપુરીમાં લઈ જાય ને ત્યાં મહાદુઃખ ભોગવવાં પડે. શ્રીજીમહારાજે શાસ્ત્રમાં જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે વર્તતા હોય એવા સાધુનો સંગ કરે ત્યારે તે સત્પુરુષ તેને આત્મા પરમાત્માનું

જ્ઞાન કહે. તે જ્ઞાને કરીને અંતઃકરણ પૂર્ણ થાય તે પગ સૂણ્યો કહેવાય. તે અંતઃકરણ વિષય સંબંધી સંકલ્પ કરે નહિ એટલે સાધુ તેમની સહાય કરે અને જન્મ મરણ તથા યમયાતનાનાં દુઃખ ટાળીને શ્રીજીમહારાજ ધામમાં લઈ જાય.

# પ્રસંગો

## *સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાની આત્મનિષ્ઠા*

કોઈ એક વખત સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા સો દોઢસો સાધુએ સહિત ગામડામાં ફરતા ફરતા સારંગપુરની નદીમાં આવ્યા. ત્યાં બેસીને વાતો કરતા હતા. ત્યારે એક સંતે પૂછ્યું જે આત્મનિષ્ઠાનું શું રૂપ હશે ? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે બે ઘડી પછી જણાશે. એટલામાં વૈરાગીઓએ આવીને પત્થર ફેંકવા માંડ્યા, એટલે એ નદીના કાંઠા ઉપર ઘાટી બાવળી હતી તેમાં સર્વે સંતો પેસી ગયા તે કાંટા ઘણા વાગ્યા, અને ગામમાંથી મનુષ્યો આવતાં દેખીને વૈરાગી જતા રહ્યા. પછી તે મનુષ્યોએ જાણ્યું જે આ બાવળીમાં વૈરાગી પત્થર નાખતા હતા તે કોઈકને મારતા હશે, એમ જાણીને બોલ્યા જે વૈરાગી જતા રહ્યા છે, માટે બાવળીમાં કોઈ હોય તો બહાર આવો. પછી સંત બહાર નીકળ્યા ને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને કહેવા લાગ્યા જે કાંટેથી શરીર ભરાઈ રહ્યાં છે તે પૃથ્વી ઉપર પગ મૂકાતા નથી ને સૂવાતું બેસાતું પણ નથી. પછી સ્વામીશ્રીએ સત્સંગી પાસે ચીપિયા મંગાવરાવીને સર્વેના કાંટા તાણી કાઢ્યા ને રાખ ભભરાવીને રૂ દબાવ્યું ને ધીરે ધીરે ગઢડે લાવ્યા. સંતો મહારાજનાં દર્શન કરીને પીડા કહેવા લાગ્યા; ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ગોપાળાનંદ સ્વામીના કાંટા કાઢ્યા છે કે નથી કાઢ્યા ? ત્યારે સંતે કહ્યું જે તેમના કાંટા તો નથી કાઢ્યા. પછી શ્રીજીમહારાજે પોતે ચીપિયેથી સ્વામીશ્રીના કાંટા કાઢ્યા તે પોણો શેર થયા. પણ સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાની એવી આત્મનિષ્ઠા હતી.

### *હિમાચળનો મોક્ષ*

શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણી વેશે વનમાં વિચર્યા ત્યારે હિમાચળમાં ગયા. તે વખતે હિમાચળે મનુષ્યરૂપે આવીને શ્રીજીમહારાજને પગે લાગીને બે કેરીઓ ભેટ મૂકી. તેને મહારાજે જમવા માંડી ત્યારે તેણે પ્રસાદીની ઈચ્છા કરી. મહારાજ તો ગોટલા છોતરાં સહિત જમી ગયા. તેણે સંકલ્પ કર્યો જે જળમાં હાથ ધોશે ને જળ પીશે તે પ્રસાદીનું જળ હું પીશ. મહારાજે તો હાથ પણ ન ધોયા અને જળ પણ ન પીધું અને બોલ્યા જે કેમ ઊભા થઇ રહ્યા છો ? તે બિચારો નિરાશ થઇને ઘણો દિલગીર થઇ ગયો. મહારાજ દયા લાવીને બોલ્યા જે તમારે પ્રસાદીની ઈચ્છા છે તો અમો સત્સંગમાં જઇએ ત્યારે તમે ગઢડે આવજો. ત્યાં પ્રસાદી આપીશું અને આ પર્વતમાંથી કાઢીને સત્સંગમાં લાવીને મોક્ષ કરીશું. પછી તે અદશ્ય થઇ ગયો. જ્યારે શ્રીજીમહારાજ વનમાં ફરતા ફરતા વસ્તીમાં આવ્યા ને ગાદીએ બેઠા ત્યારે હિમાચળ બ્રાહ્મણને વેશે ગઢડે આવ્યો. તેણે ઝોળીમાંથી ભારે ભારે વસ્ત્ર, આભૂષણ કાઢીને મહારાજની પૂજા કરી અને પ્રસાદી માગી. મહારાજ પ્રસાદી આપીને બોલ્યા જે ડોસા અહીં રાત રહો, સવારે જજો. ત્યારે તે બોલ્યો જે ઘણા દિવસથી ઘર મૂક્યું છે માટે થોડોક દિવસ છે તે ગાઉ-બેગાઉ જઇને જ્યાં રાત પડશે ત્યાં રહીશ. એમ કહીને ચાલ્યો તે થોડેક છેટે જઇને અદશ્ય થઇ ગયો. ત્યારે સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે હે મહારાજ એ કોણ હતો ? ત્યારે મહારાજે વનમાં બનેલી બધી વાત કરી જે અમો હિમાચળમાં ગયા હતા ત્યારે એને પ્રસાદીની ઈચ્છા હતી પણ અમે આપી નહોતી; કેમ જે અમારી પ્રસાદી જમે તે જ વખતે પાપ સર્વે બળી જાય તો એને પર્વતમાંથી બહાર કાઢવો પડે. તે વખતે એના ઉપર ઝાડ, બીડ હોય તે સર્વે બળી જાય માટે આજ પ્રસાદી આપીને કાઢ્યો અને બીજો એવો ભગવાનના ભક્તનો અપરાધી



શોધી રાખ્યો હતો તેને માંહી પ્રવેશ કરાવ્યો. આવી રીતે શ્રીજીમહારાજે હિમાચળનો મોક્ષ કર્યો.

### *દેવરાજભાઈની સમજણ*

કોઇ એક વખત રામપરાવાળા દેવરાજભાઇ બાપાશ્રીના દર્શને આવ્યા. તેમને બહુ આનંદભર્યા જોઇને બાપાશ્રીએ કહ્યું જે તમે આનંદમાં છો તેનું કારણ આ ત્યાગવલ્લભદાસજીને કહો. ત્યારે તે બોલ્યા જે, ‘શ્રીજીમહારાજે ને તમે મારા ઉપર બહુ દયા કરીને મારે માથેથી અર્ધી વેઠ ઉતારી જે બે દીકરા ને એક મારાં માતુશ્રી તેમને મહારાજ અને તમે ધામમાં લઇ ગયા. હવે એક ઘરનું મનુષ્ય ને બે દીકરા છે એટલી વેઠ રહી છે. તેનું જેમ મહારાજની અને તમારી મરજી હોય તેમ કરો, પણ અત્યારે તો અર્ધો ભાર ઊતર્યો તેનો આનંદ છે. ભુજ જઇને ત્રણ રસોઇઓ દઇને આપનાં દર્શને આવ્યો.’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે કેમ ત્યાગવલ્લભદાસજી, તમારા ચેલા ધામમાં જાય તો કેમ થાય ? ત્યારે ત્યાગવલ્લભદાસજી કહે જે આવું તો મારાથી ન રહેવાય. પછી બાપાશ્રી બોલ્યા જે આ દેવરાજભાઇ આખો દિવસ વાડીનું કામ કરે છે અને રાત્રીએ રાત્રીએ અમારી પાસે આવીને સમાગમ કરી જાય છે ને નિયમ એકે ચૂકતા નથી એવા બળીઆ છે અને મહારાજની મૂર્તિને સુખે સુખીઆ છે. આવી રીતે દેવરાજભાઈ સંસારમાં રહેવા છતાં જલકમલવત્ નિર્લેપ હતા.

### *રણછોડલાલભાઈની સમજણ*

સિદ્ધપુરના રણછોડલાલભાઈએ પોતાના રૂપિયા ખરચીને મંદિર કરાવ્યું હતું. એ વાત આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કોઈકે કહી જે રણછોડલાલભાઈએ મંદિરનું ધાબું વાળીને બગાડ્યું અને ખર્ચ બહુ કર્યું; તેથી મહારાજશ્રીએ તેમનું

બહુ અપમાન કર્યું. ત્યારે રણછોડલાલભાઈ બોલ્યા જે મહારાજ, કૃપાનાથ ! ઠાકોરજીના રૂપિયા હતા તે પહોંચ્યા એવું કર્યું. પછી કોઈક સંતે કહ્યું જે રણછોડલાલભાઈએ પોતાના પદરના રૂપિયા ખરચીને મંદિર કર્યું છે. ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે તમે તમારા રૂપિયાથી મંદિર કર્યું તે અમે જાણતા નહોતા ને મંદિરના રૂપિયાથી કર્યું છે એમ જાણીને વઢ્યા તે અમે તમારો અપરાધ કર્યો. ત્યારે રણછોડલાલભાઈ બોલ્યા જે મહારાજ ! આમાં તે તમે શું કહ્યું છે ? પણ ખાસડાં મારો તે ખંખેરીને તમને પાછાં આપું ત્યારે હું રણછોડીઓ તમારો દાસ ખરો, એમ બોલ્યા પણ અવગુણ લીધો નહિ. મહારાજને સાથે રાખે તો એવા ભક્ત થવાય.

### *દાદાખાચરના શોકનું નિવારણ*

જ્યારે મહારાજે દેહોત્સવ કર્યો ત્યારે દાદાખાચર બહુ દિલગીર થઈને ચેહમાં પડવા ગયા ત્યારે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ કહ્યું જે શ્રીજીમહારાજ સદાય સત્સંગમાં છે. આપણને મૂકીને જતા રહ્યા નથી. જ્યાં મહારાજ અને આપણે બેસતા તે બેઠકે જાઓ, તમને દર્શન આપશે. પછી ત્યાં ગયા અને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમે તો મરીએ એવા નથી, અમે તો એકરૂપે હતા તે ચારરૂપે થયા છીએ અને સત્સંગમાં સદાય પ્રગટપણે વિરાજમાન છીએ; માટે જતા રહ્યા એમ ન જાણશો.' એમ કહીને પોતે પહેરેલો હાર હતો તે દાદાખાચરને પહેરાવીને બોલ્યા જે, 'તમારા આત્માને વિશે અમને ધારો.' પછી દાદાખાચરે પોતાના ચૈતન્યને વિશે મહારાજનું ધ્યાન કર્યું તો તેજોમય દિવ્ય સ્વરૂપે પોતાના આત્માને વિશે મહારાજને દેખ્યા. પછી ધ્યાનમાંથી જાગ્યા અને મહારાજને પૂછ્યું જે, હે મહારાજ, આપનાં ચાર સ્વરૂપ કહ્યાં તે કિયાં સમજવાં ? ને ધ્યાન કયા સ્વરૂપનું



કરવું ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો મૂર્તિઓ રૂપે ને બીજું સંતરૂપે ને ત્રીજું આચાર્યરૂપે ને ચોથું શિક્ષાપત્રી, વચનામૃત આદિ શાસ્ત્રરૂપે; એ ચાર રૂપે થયા છીએ. તેમાં પ્રતિમારૂપે થયા છીએ તે પ્રતિમાનું ધ્યાન કરવું અને સંતથકી જ્ઞાન ઉપદેશ ગ્રહણ કરીને અમારો મહિમા સમજવો ને તેમની અન્ન વસ્ત્રે કરીને સેવા કરવી; અને શાસ્ત્રમાં જે અમારાં વચન છે એ પ્રમાણે વર્તવું. એમ વાત કરીને શ્રીજીમહારાજ અદશ્ય થઈ ગયા. શ્રીજીમહારાજના આવા દર્શનથી દાદાખાચરનો શોક દૂર થઈ ગયો.

### *સુરાખાચરનો રસાસ્વાદ પર જય*

સુરાખાચરને સ્વાદ બહુ હતો. તે દશ પંદર વાસણમાં જુદાં જુદાં પ્રકારનાં ભોજન જમતા અને સ્વાદુ ન થાય તો કજીઓ કરતા. એક વખતે તેમનાં પત્ની શાંતિબાઈને શ્રીજીમહારાજે કહ્યું જે તમને કથામાં આવતાં મોડું કેમ થાય છે ? ત્યારે તે બોલ્યાં જે તમારા ભક્તને જમતી વખતે ઝાઝાં વાનાં જોઈએ છે ને તેમાં મરચા-મીઠામાં ફેર પડે તો કજીઓ કરે છે, તેથી મારાથી કથાના જોગમાં અવાતું નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે આજથી તમારે એક બે વાનાં કરવાં ને તે પણ મરચા-મીઠા વિનાનાં મોળાં કરવાં. અમે સુરાખાચરને નિયમ આપશું જે તમારે જમતી વખતે કાંઈ માગવું નહિ ને બોલવું નહિ. પછી સુરાખાચરને મહારાજે નિયમ આપ્યું; અને તે બાઈએ, મહારાજે કહ્યું હતું તેવી રીતે કર્યું. પછી સુરાખાચર જમવા બેઠા, તે મીઠામોળું ને થોડું જોઈને જાણ્યું જે મારો ધણી આવી પહોંચ્યા; નહિ તો આવું કરે નહિ. એમ શ્રીજીમહારાજની મરજી જાણીને અમૃતની પેઠે જમી ગયા. તેવું છ મહિના જમ્યા. પછી શાંતિબાઈને મહારાજે પૂછ્યું જે, કેમ ! ભક્ત કાંઈ બોલે છે ! ત્યારે તે કહે જે ના મહારાજ, તમારા ભક્ત હવે જેવું મળે તેવું જમે છે ને કજીઓ કરતા નથી. પછી શ્રીજીમહારાજે કહ્યું જે હવેથી દેવની એટલે અમારી

બુદ્ધિએ સેવા કરજો. પછી સારાં સારાં ભોજન કરીને જમાડવા માંડ્યાં, પણ સુરાખાચરને રાગ ટળી ગયા અને સારા-નરસાની સ્મૃતિ ન રહી ને સારું-નરસું સરખું થઇ ગયું. એમ શ્રીજીમહારાજે આપેલા નિયમે કરીને સુરાખાચરનો રસાસ્વાદ ટળી ગયો. આવી રીતે નિયમે કરીને આસક્તિ ટળે, પણ પોતાની મેળે ત્યાગ કરે તો આસક્તિ ન ટળે. નિયમ લેવા તે પણ મોટાની પાસે દીન થઇને હાથ જોડીને લેવા તો મોટા સહાયમાં ભળીને પાર પડાવે.

### *સ્વામી શ્રી અચ્યુતદાસજીની સ્થિતિ*

એક સમયે સંતદાસજી તથા સ્વરૂપાનંદ સ્વામી ફરતા ફરતા ગામ ઘ્રુફી અચ્યુતદાસજીને ઘેર ગયા. તે બે દિવસથી ભૂખ્યા હતા ને અચ્યુતદાસજીના પિતા ઘેર નહોતા, તેથી અચ્યુતદાસજીએ સીધું, પાણી, બળતણ વગેરે સામાન તેમને લાવી આપ્યો. તેમણે થાળ કરીને ઠાકોરજીને જમાડ્યા અને પ્રસાદી જમ્યા. પછી તેમની ઉપર રાજી થયા ને કહ્યું જે છોકરા માગ, જે માગે તે આપીએ. ત્યારે અચ્યુતદાસજીએ માગ્યું જે, જે તમને વહાલું હોય તે મને આપો. ત્યારે તે બે મુક્ત બોલ્યા જે તારી પણ અમારા જેવી સ્થિતિ થશે. તે જ વખતે અચ્યુતદાસજીની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ. એક વખતે તેમના માબાપે ગઢડે શ્રીજીમહારાજને દર્શને જતાં એમને સાથે લીધા. પંદરેક ગાઉ ગયા ત્યારે વિચાર થયો જે આ છોકરો ચાલી શકશે નહિ માટે તેને પાછો વાળીએ. પછી ઘસીઓ આપીને કહ્યું જે તારાથી ચાલી શકાશે નહિ માટે આ ટીમણ મારગમાં ખાજે ને પાછો ઘેર જા. પછી તે ઘેર આવ્યા પણ સાથે જવાની આતુરતા ન બતાવી; કેમજે મહારાજને સદા અખંડ દેખતા. એવી સ્થિતિ મોટા સંતની કૃપાએ અચ્યુતદાસજી સ્વામીને થઈ હતી.



સંવત ૧૯૨૯ની સાલમાં અચ્યુતદાસજી સ્વામી અમદાવાદ આવ્યા હતા તે સભામંડપને ત્રીજે માળે ઊતર્યા હતા. ત્યાં સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ એમને પૂછ્યું જે તમે કેટલા વર્ષે સમૈયે આવ્યા ? ત્યારે તમણે કહ્યું જે તેર વર્ષ થયાં, ત્યારે સ્વામી બોલ્યા જે ઘણે વર્ષે આવ્યા. ત્યારે સ્વામી અચ્યુતદાસજી બોલ્યા જે સ્વામી, તમારા જેવા મોટાના પ્રતાપે કરીને નાનપણથી મારે આવરણ ટળી ગયાં છે. બધાં મંદિરોમાં સભાઓ થાય છે ને વાતોચીતો થાય છે, તે સર્વે હું દેખું છું ને સાંભળું છું, તેથી આવતો નથી; એમ પોતાની સ્થિતિ કહી હતી. એવી સ્થિતિ મોટાની કૃપાએ થાય.

# પરચા

## *મર્મવચનથી દિવ્યભાવ*

સંવત ૧૯૪૪ની સાલમાં શ્રીજીસંકલ્પમૂર્તિ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી મુળીમાં ચાતુર્માસ કરવા રહ્યા હતા. ત્યાં બાપાશ્રી તથા કુંવરજી પટેલ આદિ ઘણા હરિભક્તો આવેલા હતા. એક દિવસ બપોરના ત્રણ વાગે જ્યાં સ્વામીને નાહવા માટે ચોકડી કરી છે ત્યાં સ્વામીશ્રી તથા બાપાશ્રી શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા હતા. તે વખતે પુરાણી શ્રીકૃષ્ણદાસજી તથા માળિયા ઠાકોર મોડજી દરબાર પાસે બેઠા હતા. તે વખતે સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે અહીં બેઠા થકા જીવને મહારાજની મૂર્તિના સુખમાં મૂકી દે એવા કોઈ અત્યારે હશે ? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે હા, ત્યાગીમાં તો મારી પાસે બેઠા છે તે અને ગૃહસ્થમાં તમારી પાસે બેઠા છે તે છે. એમ મર્મવચનથી દિવ્યભાવ જણાવ્યો.

## *મેમણને બતાવેલો ચમત્કાર*

સંવત ૧૯૫૬ની સાલમાં બાપાશ્રી હરિભક્તો સાથે આગબોટમાં બેસીને ગુજરાત તરફ પધારતા હતા. તે આગબોટમાં મેમણ લોકો તથા બીજા માણસો પણ બેઠા હતા. આગબોટ બરાબર કંડલાના સમુદ્રમાં મધ્યોમધ્ય આવી ત્યાં તોફાન થયું તે બૂડવાનો સંભવ થયો. ત્યારે ખારવાઓએ કહ્યું જે ભાઇઓ, સૌ સૌના ઇષ્ટદેવ સંભારો. અમારું હવે કાંઇ કારીગરું ચાલે તેમ નથી ને આગબોટ બૂડવા માંડી છે. પછી સહુ ત્રાસ પામ્યા. ત્યારે બાપાશ્રીએ આગબોટમાં બેઠે બેઠે લાંબા હાથ વધારીને બેય બાજુએ આગબોટ હેઠે ઘાલ્યા ને આગબોટને ઉપાડી. તે એક મેમણ જબરો શેઠિયો માંહી બેઠેલ તેણે જોયું, પછી તો આગબોટ તરીને સમી થઇ. પછી ખારવાએ ચાલતી કરી ને વવાણિયાના ખાળે આવીને સૌ ઉતારુઓ ઊતરી પડ્યા. પછી મેમણે ઊતરીને પોતાની પાસે મેવાનો ભરેલો કરંડિયો હતો તે બાપાશ્રીને આપ્યો અને સૌના સાંભળતાં બોલ્યો જે આ પુરુષે આપણ સર્વેને જીવતા રાખ્યા, નહિ તો આજ સર્વેનું મોત હતું. આતો બહુ જ મોટા સમર્થ પુરુષ છે તે લાંબા હાથ વધારીને આગબોટ હેઠે રાખીને આગબોટ ઊંચી ઉપાડી તે ઠેઠ અહીં લગી હેઠે હાથ રાખતા આવ્યા છે તે હું જોતો આવ્યો છું. તે વાત સાંભળી સર્વે વિસ્મિત થઇ ગયા. પછી બાપાશ્રી ટ્રામમાં બેઠા. તે કરંડિયામાં જે મેવા હતા તેની પ્રસાદી મુળી સુધી સૌને વહેંચતા વહેંચતા આવ્યા.

## *ગોવિંદભક્તને બતાવેલો ચમત્કાર*

એક સમયે અમદાવાદથી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર ગયા હતા. સાંજના નિત્ય નિયમ પછી બાપાશ્રીના ભત્રીજા ગોવિંદભક્તે કહ્યું જે બાપા, વાડીએ હાલશું ? ત્યારે બાપાશ્રી કહે જે આજ તો સંત આવ્યા છે તેથી અમારાથી નહિ અવાય અને અમારા બળદને ચરો નાખજો. પછી તે ગયા ને બાપાશ્રીના બળદને ચરો નીર્યો અને તેમાંથી પોતાના બળદને પણ નીર્યો. પછી બાપાશ્રીએ હાથ લાંબો કરીને એના માથેથી પાઘડી લઇને પોતાના ઓશીકાતળે ઘાલી. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે બાપા ઓશીકું નીચું પડે છે? ત્યારે કહે જે ના, આ તો ગોવિંદભક્તે અમારો ચરો એના બળદને નીર્યો તેથી તેની પાઘડી અમે લઇને ઓશીકાતળે મૂકી. પછી તે સવારે મંદિરમાં ગયા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે અમારો ચરો તારા બળદને નીર્યો તેથી આ પાઘડી અમે લઇ લીધી હતી, માટે હવે આવું કામ કરીશ નહિ. પછી

તેમણે પ્રાર્થના કરીને કહ્યું જે જી બાવા, મારો ગુનો માફ કરો. હવેથી આવું નહિ કરું.

### *જનનો મોક્ષ*

એક સમયે રાત્રીએ બાપાશ્રી વાડીએ ન ગયા અને સંતો પાસે પોઢી રહ્યા. તે રાત્રીના દોઢ વાગે સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે વાડીમાં સૂવર પેસી ગયા છે. તે બાજરામાં ભંજવાડ કરે છે અને છોકરાં ઊંઘી ગયાં છે ને રખેવાળ બીજે ગયો છે, માટે અમારે જાવું પડશે. ત્યારે સ્વામીએ કહ્યું જે ભલે, પધારો. પછી બાપાશ્રી વાડીએ જતા હતા ત્યાં ડાબા હાથ તરફ એક ઓટો છે તેમાં જન રહેતો હતો તે વળગવા આવ્યો. તેને પોતાની મૂર્તિમાંથી તેજ દેખાડ્યું તેથી તેજમાં અંજાઇ ગયો ને ઊભો થઇ રહ્યો. પછી બાપાશ્રી તો ચાલ્યા ગયા ને તેજ જોઇને સૂવર પણ ભાગી ગયાં ને પછી તેજ સંકેલી લીધું. તે જોઇને જનને આશ્ચર્ય થયું જે આ તો બહુ સમર્થ લાગે છે. પછી તે બાપાશ્રીનાં પગલાં પડેલાં હતાં તેમાં આળોટ્યો તેથી તેની બુદ્ધિ નિર્મળ થઇ એટલે ત્યાં ને ત્યાં ઊભો રહ્યો. પછી બાપાશ્રી જ્યારે વાડીએથી પાછા મંદિર જતા હતા ત્યારે તેમના પગમાં પડ્યો ને પ્રાર્થના કરવા મંડ્યો જે તમે તો મહાસમર્થ છો તે તમારા પ્રતાપે મારું કલ્યાણ કરો. મેં તો બહુ જીવ લીધા છે ને અત્યંત પાપી છું પણ તમારાં દર્શન નિત્ય થાય છે એટલું પુણ્ય છે. હું તમારે શરણે આવ્યો છું ને તમો તો મોક્ષદાતા છો માટે મારો મોક્ષ કરો. ત્યારે બાપાશ્રીએ તેને કહ્યું જે જા બદરિકાશ્રમમાં. પછી તે બોલ્યો જે જ્યાં તમારાં દર્શન થતાં હોય ત્યાં મૂકો. પછી બાપાશ્રીએ તેના ઉપર દયા લાવી પોતાની ઓઢેલી પછેડી હતી તેનો છેડો મારીને કહ્યું જે, જા અક્ષરધામમાં. એમ તે જનનો મોક્ષ કર્યો. પછી આ વાત બાપાશ્રીએ મંદિરમાં જઇને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહી.



### *કલ્યાણનો વહેમ મટાડ્યો*

એક સમય નારાયણપુરમાં જાદવજીભાઈ માંદા થયા હતા. તેમને તેડવા બાપાશ્રી પધાર્યા. તે વખતે જાદવજીભાઈના મનમાં એમ થયું જે મને તેડવા તો આવ્યા પણ મેં પૂરાં સાધન કર્યાં નથી માટે મને બીજે ક્યાંક મૂકશે તો શું થશે ? એવો વહેમ આવ્યો. પછી બાપાશ્રીએ રહેવા દીધા ને સાજા થયા ને થોડા દિવસ પછી ધનજીભાઈનાં માતુશ્રી માંદાં પડ્યાં. તેમને જોવા સારુ દિવસમાં એકવાર બાપાશ્રી આવતા. તે એક દિવસ કાંઈક કામ આવ્યું તેથી જવાણું નહિ ને બીજે દિવસે ગયા. ત્યારે તે બાઈ બોલ્યાં જે ગઈ કાલે કેમ ન આવ્યા ? ત્યારે કહે જે કામ હતું તેથી અવાણું નહિ. ત્યારે તે બાઈ બોલ્યાં જે આવતી કાલે કેમ કરશો ? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે આવતી કાલે તો આવ્યા વિના છૂટકો જ નથી, માટે જરૂર આવીશું. પછી બીજે દિવસે સવારમાં વહેલા વૃષપુરથી ચાલ્યા તે નારાયણપુરના ઝાંપામાં આવ્યા ત્યાં શ્રીજીમહારાજ તથા બાપાશ્રી આદિ અનંતમુક્ત રંગ રમે છે એવું એ બાઈના દેખવામાં આવ્યું. પછી બાપાશ્રી એમના ઘરમાં આવ્યા. ત્યારે તે બાઈએ શ્રીજીમહારાજ સાથે રંગ રમેલા તે રંગવાળી પછેડી બાપાશ્રી પાસેથી માગી લીધી અને કહ્યું જે આ પછેડી મારા ઉપર ઓઢાડજો. પછી એમણે દેહ મેલ્યો. તેમના ઉપર એ પછેડી ઓઢાડી તેમાંથી ખુશબો ઘણી આવતી હતી તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા જે આ પછેડીમાંથી આવી અલૌકિક ખુશબો ક્યાંથી આવતી હશે ? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે અમે તથા શ્રીજીમહારાજ અને અનંત મુક્ત આ નારાયણપુરના ઝાંપામાં હમણાં જ રંગ રમ્યા તેની ખુશબો છે.

પછી જાદવજીભાઈને કહ્યું જે તમારા કલ્યાણનો વહેમ છે કે મટી ગયો ? ત્યારે તે બોલ્યા જે આ ધનજીની માનું કલ્યાણ કર્યું એ જોઈ મને હવે વહેમ નથી રહ્યો. પછી જાદવજીભાઈને પણ બાપાશ્રી તેડી ગયા.

### *વાદીને બતાવેલો ચમત્કાર*

બાપાશ્રીને ત્રણ વાર સર્પ કરડ્યો. તેમાં એક વાર ગાડામાં નાખવા ઘરમાં આડાં લેવા ગયા ત્યાં કરડ્યો. તે ગાડું જોડીને ચાલ્યા ને વાટમાં જતાં ચડ્યો. તે ગાડું બીજા મનુષ્યે હાંક્યું ને ઘેર લાવ્યા પણ ઉતરાવ્યો નહિ ને કોઈને વાત પણ કરી નહિ ને ઊતરી ગયો. બીજી વાર વાડીમાં બપોર વખતે સામો આવીને કરડ્યો પણ તેને ચડવા દીધો નહિ. તે વાત વાદીના જાણવામાં આવી. તેણે વાડીએ આવીને બાપાશ્રીને કહ્યું જે, તમને નાગ ચડ્યો નહિ માટે તમારી પાસે બહુ ચમત્કારી મંત્ર અથવા બુટ્ટી હોવી જોઈએ તે મને આપો. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, અમારે તો સ્વામિનારાયણ એ જ મંત્ર અને એજ બુટ્ટી છે. પછી તે વાદીએ પોતાની વિદ્યાથી ઝેર ચડાવ્યું એટલે બાપાશ્રી ઊંડા ઊતરી ગયા ને વાદી બેસી રહ્યો. પછી થોડીકવારે બાપાશ્રી બહાર આવ્યા તે જોઈને આશ્ચર્ય પામ્યો જે આ મંત્ર કે બુટ્ટીવાળા નથી. આતો કોઈ મોટા પુરુષ છે. એમ જાણીને પગમાં પડ્યો અને પ્રાર્થના કરી જે મેં તમને ઝેર ચડાવીને દુઃખ દીધું તે મારો ગુનો માફ કરો. પછી બાપાશ્રીએ કહ્યું જે, અમને તો કાંઈ દુઃખ જ નથી. તમે જ્યાં જતા હો ત્યાં જાઓ. પછી તે ચાલી નીકળ્યો. વળી ત્રીજે ફેરે કરડ્યો ત્યારે પણ ચડવા દીધો નહિ. તે સર્પ એ ગામનો કણબી હતો. તેની સ્ત્રીને તે ભગવાન ભજવા દેતો નહિ. પછી બાપાશ્રીએ ત્યાગી બાઈઓના ભેળી તેની સ્ત્રીને મોકલી દીધી. તેનું વૈર હતું તે મૂઆ પછી સર્પ થઈને કરડ્યો હતો.



### *ખોજાનો મહારોગ મટાડ્યો*

વૃષપુરમાં એક ખોજાને મહારોગ થઈ ગયો હતો તેથી ડોક્ટર વૈદો વગેરે છૂટી પડ્યા હતા. એનો બાપ માંચીમાં ઉપડાવી તેને બાપાશ્રી પાસે લાવ્યો ને પ્રાર્થના કરી જે મારે આ એક જ છોકરો છે તેનો રોગ મટાડો. પછી બાપાશ્રીએ કહ્યું જે આ વાલોળનું પોણો શેર શાક છે તે બધું જમી જાય તો બધો રોગ મટે. પછી તે બધું જમી ગયો ને સાજો થયો ને ચાલીને ઘેર ગયો ને તેને બાપાશ્રીને વિશે હેત બહુ થઈ ગયું. પછી જ્યારે બાપાશ્રીએ સંવત ૧૯૭૧ની સાલમાં યજ્ઞ કર્યો હતો ત્યારે તેણે પોતાનાં નવાં મેડીબંધ મકાનો ઉતારા માટે આપ્યાં હતાં, તેમાં ભુજના મોટા મોટા અમલદારો ઊતર્યા હતા. તેમણે પૂછ્યું જે કણબી તો બાપાશ્રીની નાતના ગણાય પણ તમે તો મુસલમાન કહેવાઓ ને આવાં નવાં ઘર યજ્ઞમાં વાપરવા આપ્યાં તેનું શું કારણ ? ત્યારે તે કહે જે ઘર તો શું પણ મારું સર્વસ્વ અર્પણ કરું તોય ઓછુંછે, કેમજે હું કોઈ ઉપાયે જીવું તેમ નહોતો પણ બાપાશ્રીએ મને વાલોળનું શાક જમાડીને જીવતો રાખ્યો તે મહાન ઉપકાર મારાથી કેમ ભૂલાય ? તે વાત સાંભળીને ગિરજાશંકરભાઈ આદિ અમલદારોને બાપાશ્રીને વિશે હેત થઈ ગયું.

## નમૂનાનું પ્રશ્નપત્ર

(સમયઃ ૩ કલાક) (કુલ ગુણઃ ૧૦૦)

સૂચના :- (૧) પાસ થવા માટે ૫૦ % ગુણ મેળવવા આવશ્યક છે.

***પ્ર-૧ (અ) નીચેની ખાલી જગ્યા પૂરો. (૧૦)***

(૧) જેટલું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું કર્યું થાય છે તેટલું જ તેમના ................ નું કર્યું પણ થાય.

(૨) ................ કરવાથી ઘાટની મૂર્તિ બંધાય છે.

(૩) મોટા મુક્તના જોગે ................ ભણાય છે.

(૪) અશુભ સંગના દોષે કરીને ................ દબાઈ રહે છે.

(૫) નાખે અદાવત, દીયે ગાળુ, તેને ભક્ત સમજે ............

(૬) શ્રીજીમહારાજના ભક્તની તો મોટા મોટા ................ પણ પ્રાર્થના કરે છે.

(૭) માંચો ભક્ત પ્રથમ ................ ના પંથમાં હતા.

(૮) દાસપણામાં શ્રીજીમહારાજનો ................ ઘણો છે.

(૯) શ્રી સ્વામિનારાયણ ભગવાન આગળ મૂળઅક્ષરાદિક સર્વે ................ કહેવાય.

(૧૦) પિંડ અને બ્રહ્માંડની ................ છે.

***(બ) નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે જણાવો; ખોટાં હોય તો સુધારીને ફરી લખો. (૧૦)***

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનને અંતર્યામી જાણે અને યથાર્થ મર્યાદા પાળે તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય.

(૨) જેને સત્સંગમાં હુંપણું આવે તે જ ઊંચે પગથીએ ચઢે છે.



(૩) જડ માયા એટલે પુત્ર અને ચૈતન્ય માયા એટલે સ્ત્રી.

(૪) સર્વે ઈન્દ્રિયોને મોકળી રાખે તે વનમાં ગયો કહેવાય.

(૫) ઉદ્‌ઘોષ છે તે જૂનાને સમાસ કરનાર છે.

(૬) સત્સંગમાં જેટલા ગુણદોષ દેખાય છે તેટલું આસ્તિકપણું છે.

(૭) જડ ચૈતન્ય તો અમૃત જેવાં છે.

(૮) કુશળકુંવરબાઈ પંઢરપુરનાં રાણી હતાં.

(૯) માતાજી મારવાડમાં જયપુરના રાજાની રાણી હતાં.

(૧૦) પરમ એકાંતિક મુક્તની સ્થિતિ કરતાં અનાદિ મુક્તની સ્થિતિ ન્યૂન છે.

***પ્ર-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૨૦)***

(૧) કાર્ય અને કારણ તેની વિક્તિ સમજાવો.

(૨) ધામમાં જતાં માર્ગમાં સિદ્ધિઓ આવે છે તે શી રીતે સમજવું ?

(૩) શ્રોતા અને વક્તા તેની વિક્તિ સમજાવો.

(૪) કારણ દેહ છે તે જીવની માયા છે અને વ્રજસાર જેવી છે તે કેમ ટળે ?

(૫) મહારાજ અને મોટાની પ્રાપ્તિ થઈ છે તો પણ માયાના ગુણ કેમ વ્યાપે છે ?

***પ્ર-૩ (અ)*** સાચા મુમુક્ષુનાં લક્ષણ વર્ણવો. ***(૧૦)***

***(બ) નીચેના પ્રસંગ વર્ણવો. (૧૦)***

(૧) સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની આત્મનિષ્ઠા

(૨) સ્વામી શ્રી અચ્યુતદાસજીની સ્થિતિ

***પ્ર-૪ (અ) નીચેના પરચા લખો. (૧૦)***

(૧) મેમણને બતાવેલો ચમત્કાર

(૨) જનનો મોક્ષ

*(બ) નીચેનાં કીર્તન સંપૂર્ણ લખો.* *(૧૦)*

(૧) જીવ તું મહારસ ચાખણહાર...
(૨) હરિ દાસના તે દુઃખડાં કાપજો...

*પ્ર-૫ (અ) નીચેની પંક્તિઓ પૂર્ણ કરો.* *(૧૦)*

(૧) પ્રથમ મુમુક્ષુ..............દીનને જીવાવો.
(૨) આપ પ્રૌઢ પ્રતાપે............ભેળા રહેજો.
(૩) નામ, આ નામ..........કૃપા યાચો આમ.
(૪) કોટી કલ્પે ને..................નવું ને નવું.
(૫) કે'દી કાયર..............પૂરો ખ્યાલ કરો.

*પ્ર-૫ (અ) નીચે 'અ' વિભાગમાં દર્શાવેલ પંક્તિને 'આ' વિભાગમાં આપેલ પંક્તિ સાથે જોડો.* *(૧૦)*

| અ | આ |
|---|---|
| (૧) બાતબાતમેં ઢળ ગયે અઢળક | - આનંદ બઢાકર વાહ |
| (૨) પુરુષોત્તમ તેરો રૂપ માનકર | - દાસાનુદાસ કહે ન્યાલ કીધા છે |
| (૩) અનાદિ બનાકર સુખમેં ડુબાકર | - દિવ્ય બુદ્ધિ ઘણી |
| (૪) સુંદર તેરી મૂર્તિ સુખાકર | - નૃસિંહજીએ સંહાર્યો |
| (૫) આશીર્વાદ બાપાએ રૂડા દીધા છે | - કર્મ અનેક જન્મનાં ટાળ્યાં |
| (૬) જીવની બુદ્ધિ ટાળી આપે | - ગુરુને કહા હમારે |
| (૭) સિદ્ધાંત પ્રચારકી પ્રતિજ્ઞા લે લે | - છોડ દે અભિમાન. |
| (૮) પાપ પુણ્ય સર્વેનાં તો બાળ્યાં | - રસબસ હોકે સુખ ઝીલનકો |
| (૯) ગર્વ કર્યો જો હિરણ્યકશિપુએ તો | - એક હરિ તમે તારણહારા |
| (૧૦) ઊંચે નીચે જલ છે ખારાં | - મુખો મુખ મીલે શ્રી ઘનશ્યામ |

**જય શ્રી સ્વામિનારાયણ**